647510 **MA0GujCC1010** **Seat No :________**

# M.A. (GUJARATI) Semester - 1 (*CBCS*) Examination
## OCT/NOV-2024 (AS PER SYLLABUS YEAR JUNE-2018)
## BHASHA KAUSHAL(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ કવિતાનો આસ્વાદ કરાવો. (૧૪)

ઓચિંતું કોઈ મને રસ્તે મળે ને,
કદી કદી ધીરેથી પૂછે કે કેમ છે ?
આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં,
ને ઉપરથી કુદરતની રહેમ છે.
ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે અમે,
છલકાતી મલકાતી મોજ,
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં,
એવું લાગ્યા કરે છે મને રોજ,
તાળું વસાય નહીં એવડી પટારીમાં,
આપણો ખજાનો હેમખેમ છે... ઓચિંતું....
આંખોમાં પાણી તો આવે ને જાય,
નથી ભીતર ભીનાશ થતી ઓછી,
વધઘટનો કાંઠાઓ રાખે હિસાબ,
નથી પરવા સમંદરને હોતી.
સૂરજ તો ઊગે ને આથમીયે જાય,
મારી ઉપર આકાશ એમનેમ છે... ઓચિંતું...

- ધ્રુવ ભટ્ટ

અથવા

પ્રશ્ન-૧ કવિતાનો આસ્વાદ કરાવો.

મેં તજી તારી તમન્ના તેનો આ અંજામ છે,
કે હવે સાચે જ લાગે છે કે તારું કામ છે.
છે સ્ખલન બેત્રણ પ્રસંગોમાં મને પણ છે કબૂલ,
કોણ જાણે કેમ આખી જિંદગી બદનામ છે ?
એક વીતેલો પ્રસંગ પાછો ઊજવવો છે, ખુદા !
એક પળ માટે વીતેલી જિંદગીનું કામ છે.
મારી આ મજબૂર મસ્તીનો નશો ઊતરી ગયો,
આપ પણ એવું કહો છો કે, મને આરામ છે!

કોણ જાણે કેમ સાંભળતાં જ દિલ દુ:ખતું હશે !
આમ હું માનું છું તારું નામ પ્યારું નામ છે.
આપની સામે ભલે સોદો મફતમાં થઈ ગયો,
આમ જો પૂછો બહુ મોંઘાં અમારાં દામ છે.
જિંદગીના રસને પીવામાં કરો જલદી, 'મરીઝ' !
એક તો ઓછી મદિરા છે ને ગળતું જામ છે.

- 'મરીઝ'

પ્રશ્ન-૨ ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

આધુનિકતા સાહિત્યમાં બે રીતે પ્રતીત થાય છે. એક એના અંતસ્તત્ત્વ, કહો કે કથ્યના સંદર્ભમાં. અને બીજી એની સંરચના, કહો કે શિલ્પ કે અભિવ્યક્તિના સંદર્ભમાં. આધુનિક સાહિત્યનું મુખ્ય લક્ષણ વિષાદબોધ, વિરૂપબોધ છે. સાંપ્રતકાલીન મનુષ્ય જીવનનો અર્થ ગુમાવી દીધો છે, કશામાં એને શ્રદ્ધા રહી નથી. જે કંઈક સ્થપાયેલું છે, મૂળિયાં નાખીને પડ્યું છે એ બધાંને ઉથાપવા કે તેનું ઉન્મૂલન કરવા તરફ એ વળ્યો છે. વિતૃષ્ણા, વિવમિષા કે વિરતિ એનો સ્થાયીભાવ છે. અનવસ્થા કે અંધાધૂંધી ઊભી કરવાનું તેનું વલણ રહ્યું છે. નરી હતાશા, શૂન્યતા કે મૂલ્યવિડંબના તેની કૃતિઓમાં નજરે પડે છે. વિપ્લવ એ જ એનું લક્ષ્ય છે. બધે મોરચેથી બધું જ ખોઈ-ખોરવી નાખીને કશુંક નૂતન પામવા-સર્જવાની એની નેમ છે.

- પ્રવીણ દરજી

અથવા

પ્રશ્ન-૨ ગદ્યખંડનું સાર લેખન કરી યોગ્ય શીર્ષક આપો.

"તમે કહેશો કે પરાક્રમનો યુગ હવે તો વીતી ચૂક્યો છે. આઝાદી આવી ગઈ, સંગ્રામ પૂરો થયો. એક રીતે વાત સાચી છે. પહેલાં તો હિંમત હોત, દેશ માટે કુરબાન થવાનો થનગનાટ હોત, તો પોલીસોની આગળ ઊભા થઈને સામી છાતીએ ગોળી ઝીલીને શહીદ બની શકત. પરાક્રમ ખરું, પણ પળભરનું, બંદૂક ફૂટી ને નામ અમર થયું, પરંતુ બીજું એક પરાક્રમ છે જેને માટે એક પળનો નહિ પણ વર્ષો સુધીનો ઉત્સાહ જોઈશે. બીજી દેશસેવા છે, જેની જાહેરાત દૈનિક છાપામાં ન આવે, ને જેનાં ફળ પ્રચારકોની નજરે ન ચઢે; બીજી એક દેશભક્તિ છે, જેને માટે સ્મારકો બંધાતાં નથી, ઇતિહાસનાં પાનાં ભરાતાં નથી, અને તો પણ એટલી જરૂરી મંગળ અને કલ્યાણકારી છે. આઝાદી પછી આબાદી, વિજય પછી વિકાસ, જન્મ પછી ઉછેર - આ ધીમું કામ છે, મૂકસેવાનું કામ છે. નિષ્કામ કર્મનું કામ છે. તમારી શક્તિ ને આવડત પ્રમાણે તમારા અભ્યાસક્ષેત્રમાં બને તેટલી સારી તાલીમ લઈને, એમાં નિષ્ણાત નીવડીને પ્રામાણિકતાપૂર્વક ને પ્રવીણતાપૂર્વક કામગીરી બજાવીને સમાજમાં કલ્યાણ, દેશમાં પ્રગતિ ને વિશ્વમાં શાંતિ લાવવા સતત પ્રયત્ન કરતા ને કરાવતા રહેશો તો તમારા એ ક્ષેત્રમાં, નાના કે મોટા પાયા ઉપર, તમે તમારું સાચું પરાક્રમ નોંધાવ્યું હશે, અને પૂરા સંતોષ સાથે તમે એનું સ્મરણ કરી શકશો, એની વાત કરી શકશો, એની પ્રેરણા ત્યારની નવી પેઢીને આપી શકશો."

- ફાધર વાલેસ

પ્રશ્ન-3 છંદ એટલે શું ? તે સમજાવી, તેનાં વિવિધ પ્રકારો ઉદાહરણ સહિત ચર્ચો. (૧૪)

અથવા

પ્રશ્ન-3 મંદાક્રાન્તા, શાર્દૂલવિક્રીડિત, શિખરિણી, પૃથ્વી છંદ સદૃષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્ન-૪ અલંકાર એટલે શું? તે સમજાવી, તેના વિવિધ પ્રકારોની વિગતે ચર્ચા કરો. (૧૪)

અથવા

પ્રશ્ન-૪ અલંકારની સંજ્ઞા સ્પષ્ટ કરી, વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ, પ્રાસાનુપ્રાસ અલંકારની સદૃષ્ટાંત ચર્ચા કરો.

પ્રશ્ન-૫ કોઈ પણ (બે) ટૂંકનોંધ લખો. (૧૪)

1) જોડણીના મહત્વનાં નિયમો જણાવો.
2) પ્રૂફવાચનના ત્રણ તબક્કા વર્ણવો.
3) પ્રૂફવાચનની મુખ્ય સંજ્ઞાઓ ઉદાહરણ સહિત સમજાવો.
4) હરિગીત છંદ સદૃષ્ટાંત સમજાવો.

***************************